# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


---

રેફ નં. તાઃ ૨૫/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## જેમ એન્ડ જવેલરી એકિઝબિશન 'સ્પાર્કલ–૨૦૦૯'નો શુભારંભ સમારોહ યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફકોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધ્વારાતા.૨૬ થી ૨૯ ડિસેમ્બર સુધી ચાલનારા જેમ એન્ડ જવેલરી એકિઝબિશન 'સ્પાર્કલ–૨૦૦૯'નો શુભારંભ સમારોહ ગુજરાત રાજયના ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોરસ્ટેડિયમ ખાતે યોજાયો હતો.આ સમારંભમાં શહેરના પ્રથમ નાગરિક અને ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાળા,સંસદ સભ્ય શ્રીમતી દર્શનાબેન જરદોશ,ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી તથા શ્રી કિશોરભાઈ વાંકાવાળા ઉપસ્થિત હતાં.

સમારંભના આરંભે ચેમ્બર પ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ આમંત્રિતોનું સ્વાગત કરી પોતાના આવકાર પ્રવચનમાં કહયું હતું કે,વેપાર ઉદ્યોગના પ્રશ્નોના ઉકેલ માટે સદા તત્પર એવા આપણા માનનીય ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલ ઉર્જાવાન આધાર સ્તંભ છે. ગયા વર્ષે પહેલીવાર સ્પાર્કલનું આયોજન થયું હતું જેની સફળતાને પગલે વૈશ્વિક મંદીના સમયમાંથી સુરતનો ડાયમન્ડ ઉદ્યોગ બહાર આવી શકયો હતો.સુરત માટેની બીજી મોટી ઓળખ એટલે ડાયમન્ડ ઉદ્યોગ.હવે આ ઉદ્યોગે વેલ્યુ એડિશન તરીકે ડાયમન્ડ જવેલરી તરફ આગળ વધવાનું

નકકી કર્યું છે,અહીં જવેલરી પાર્ક પણ શરૂ થઈ રહયો છે જે પ્રોત્સાહક બની રહેશે.આ વખતના એકિઝબિશનમાં જેમ એન્ડ જવેલરીના પ્રદર્શન ઉપરાંત ઈન્ડિયન ડાયમન્ડ ઈન્સ્ટીટયૂટના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી ડિઝાઈન્સ તથા સુરત મનપા ધ્વારા 'બીઆરટીએસ'પ્રોજેકટનું મોડલ પણ જોવા મળશે. સુરત,મુંબઈ અને જયપુરના મળીને કુલ ૪૧ સ્ટોલમાં વિવિધ પ્રકારની જવેલરી જોવા મળશે.એ ઉપરાંત બીટુબી અને બીટુસીના માધ્યમનો લાભ પણ એકિઝબિટર્સને મળશે.

મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે દિપપ્રાગટય બાદ સ્પાર્કલ નિમિત્તે ચેમ્બરના મુખપત્ર'સમૃધ્ધિ'ના અંકનું લોકાર્પણ તેમજ સ્પાર્કલના બ્રોશરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરની પ્રદર્શન કમિટીના ચેરમેનશ્રી પરેશ પટેલે પ્રદર્શનની માહિતી આપી હતી. તેમણે કહયું કે,છેલ્લા બે વર્ષમાં ૧૦ થી ૧૫ કંપનીઓ જવેલરીક્ષેત્રમાં પ્રવેશી ચૂકી છે અને ઈચ્છાપુરના જવેલરી પાર્કથી આ ક્ષેત્રને મોટો ફાયદો થશે.આવનારા સમયમાં સુરત જવેલરી ઉત્પાદન અને ટ્રેડિંગનું હબ બની શકશે.ચેમ્બરની ટીમના પ્રયાસથી આ પ્રદર્શન સફળ થશે એવી અપેક્ષા છે.

ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં કહયું હતું કે,સુરત ડાયમન્ડ કટીંગ અને મેન્યુફેકચરીંગ હબ તો છે જ હવે એને જવેલરીનું હબ બનાવવાનું છે.સ્પાર્કલમાં જે સ્પાર્ક છે તે જવેલરી ક્ષેત્રમાં ઝળહળાટનો સંકેત છે.આપણે તો માત્ર સુરતનું જ માર્કેટીંગ કરવાનું છે,એમ થશે એટલે જવેલરીનું માર્કેટીંગ આપોઆપ થઈ જશે.આપણે બધાએ સુરતના બ્રાન્ડ એમ્બેસેડર બની સુરતને નવી ઓળખ અપાવવાની છે.

સંસદ સભ્ય શ્રીમતી દર્શનાબેન જરદોશ તથા ધારાસભ્યશ્રીકિશોર વાંકાવાળાએ પ્રદર્શનને શુભેચ્છા પાઠવી હતી.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાળાએ પ્રાસંગિક ઉદબોધનમાં કહયું હતું કે સુરતમાં વ્યાપાર ઉદ્યોગના વિકાસની સાથે સાથે અમે શહેરમાં સાયન્સ સેન્ટર,બટરફલાય પાર્ક,ઈન્ટરપ્રિટેશન સેન્ટર જેવા આકષર્ણો ઉમેર્યા છે અને કેબલ સ્ટેઈડબ્રીજ, વોટર સ્પોર્ટસ,મરિન એકવેરિયમ અને લેઝર શો જેવા આયોજનો છે જે શહેરમાં ટુરિઝમના વિકાસમાં ઉપયોગી બનશે.

સમારંભના મુખ્ય મહેમાન રાજયના માનનીય ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે પોતાના વકતવ્યમાં સુરતની બહુરંગી ઓળખની વાત કરતાં કહયું હતું કે,સુરત એ માત્ર ડાયમન્ડ કે ટેક્ષટાઈલનું શહેર નથી એ તો સાહસિક ઉદ્યોગકારોનું નગર છે. અહીંના સાહસિકોએ ડાયમન્ડ ઉદ્યોગનું ચિત્ર માત્ર એક વર્ષમાં બદલી નાંખ્યું છે.આ વર્ષે માત્ર નવેમ્બર માસમાં રૂ.૯૦૦૦ કરોડનું એક્ષપોર્ટ ડાયમન્ડક્ષેત્રમાં થયું એ મોટી સિધ્ધિ ગણાય.સુરતના ઉદ્યોગકારો દરેક નવી દિશામાં વિચારવાની પહેલ કરે છે. એ ટેકનીકલ ટેક્ષટાઈલ હોય કે એમ્બ્રોઈડરી હોય કે પછી ડાયમન્ડક્ષેત્રમાં વેલ્યુ એડિશન તરીકે જવેલરી ડિઝાઈન અને મેન્યુફેકચરીંગ હોય.સ્પાર્કલનું સતત બીજા વર્ષે આયોજન કરીને ચેમ્બરે બિરદાવવા લાયક કામગીરી કરી છે. સુરત ટ્રેડિંગ હબ બને એવા પ્રયાસોને વેગ આપવામાં સ્પાર્કલ મદદરૂપ બનશે.ગુજરાતનો સર્વાંગી વિકાસ થઈ રહયો છે.દેશના વિકાસનો આધાર ગુજરાત છે,કેમકે રોકાણકારો માટેનું આદર્શ સ્થળ માત્ર ગુજરાત જ છે.

ચેમ્બરના ઉપપ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્ય એ આભારવિધિ આટોપી હતી.

માનનીય ઉદ્યોગરાજયમંત્રીશ્રી તથા આમંત્રિત મહાનુભાવોએ પ્રદર્શન ખુલ્લું મુકાયા બાદ પ્રદર્શન નિહાળ્યું હતું.